For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગાર્બેજ ફ્રી સિટી માટે વડોદરા શહેરને 3 સ્ટાર સર્ટિફિકેટ મળ્યું

વડોદરાને 'પ્રોમિસિંગ સ્વચ્છ શહેર ઓફ ગુજરાત'નો એવોર્ડ મળ્યો, સ્વચ્છતા સર્વેક્ષણ 2024માં 18મો ક્રમાંક

એપ્રિલ 2025માં સફાઈના વિવિધ પેરામીટરો ઉપર ઓનસાઇટ અને ડાયરેક્ટ ઓબ્ઝર્વેશન કરાયું હતું

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરને ભારત સરકારના આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય તરફથી 'Promising Swach Shehar of Gujarat' નો એવોર્ડ એનાયત કરાયો છે. સ્વચ્છતા સર્વેક્ષણ 2024 માટે દેશના 4,589 શહેરોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણની થીમ "Reduce, Reuse, Recycle" રાખવામાં આવી હતી. આ વર્ષે વડોદરા શહેરે 10 લાખથી વધુ વસ્તીવાળા શહેરોની કેટેગરીમાં 18મો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ટોટલ 12,500 માર્ક્સમાંથી વડોદરા શહેરને 10,713 માર્કસ મળ્યા છે. શહેરને ગાર્બેજ ફ્રી સિટી માટે 3 સ્ટાર સર્ટિફિકેટ અને ઓપન ડિફેક્શન ફ્રી માટે વોટર પ્લસ પ્રમાણપત્ર પણ મળ્યું છે. સર્વે માટે ભારત સરકાર દ્વારા TPI એજન્સી નિયુક્ત કરવામાં આવી હતી. એજન્સી દ્વારા એપ્રિલ 2025માં વિવિધ પેરામીટરો ઉપર ઓનસાઇટ અને ડાયરેક્ટ ઓબ્ઝર્વેશન કરાયું હતું. એવોર્ડ વિતરણ સમારોહ નવી દિલ્હી સ્થિત વિજ્ઞાન ભવન ખાતે યોજાયો હતો, જેમાં કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટર તથા રાજ્ય કક્ષાના મંત્રી તોખન સાહુ હાજર રહ્યા હતા. વડોદરા મહાનગરપાલિકા તરફથી મેયર પિંકીબેન સોની, મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુ, સ્થાયી સમિતિના ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રી, ડે. કમિશનર વી.એમ. રાજપૂત, ચીફ એકાઉન્ટન્ટ સંતોષ તિવારી અને સોલિડ વેસ્ટ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વર્ષ દરમિયાન ડોર ટુ ડોર કચરો એકત્ર કરવાની વ્યવસ્થા, સફાઈ ઝુંબેશો, તથા જાહેર જનજાગૃતિ જેવા ઉપાયો અપનાવવામાં આવ્યા હતા. આ કામગીરીના પરિણામે આ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. અધિકારીઓએ સફાઈમિત્રો અને નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો, જેમણે સર્વેક્ષણમાં સહભાગી બની શહેરને આ સ્થાન સુધી લાવવામાં સહકાર આપ્યો.

વડોદરાને શ્રેષ્ઠ બનાવવા હજુ સંકલન અને સાધનોની જરૂર

સર્વેક્ષણના આંકડાઓ પરથી જણાય છે કે વડોદરાએ છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી સુધારો કર્યો છે, જો કે સતત શ્રેષ્ઠ સ્થાને પહોંચવા માટે મહાનગરપાલિકાને વધુ પ્રયાસો કરવાની જરૂર છે. જેમ કે, ચાર ઝોનમાં ડીવાઈડર સાફ કરવાના ચાર મશીન છે એવા દરેક ઝોનમાં હોય તો પરિણામ હજુ ઘણું સારું મળી શકે એમ છે. વધુમાં સ્વછતા માટે પાલિકાના તમામે તમામ વિભાગોનું આંતરિક સાંકળ સારી રીતે થવું પણ ખૂબ જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, સર્વેક્ષણ દરમિયાન ઝોનની બેઠકોમાં પણ વિભાગના સંકલન અંગે અવાર નવાર રજૂઆતો થઈ હતી.

અગાઉના રેન્કિંગ

વર્ષ	ક્રમાંક
2016	13
2017	10
2018	44
2019	79
2020	10
2021	8
2022	14
2023	33

સોલિડ વેસ્ટ અને વ્હીકલપુલ વિભાગના બિલોમાં ભારે ત્રુટિ

ઓડિટ ચકાસણીમાં 1.55 કરોડની ચૂક મળી : ટેન્ડર શરતોનું ઉલ્લંઘન

બિલોની વિગતો ચકાસીને કપાતના નિર્ધારણ સાથે મંજૂરી અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને વ્હીકલપુલ શાખા દ્વારા ઈજારદારોના કુલ પાંચ બિલ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ઓડિટ શાખાની ચકાસણી બાદ કુલ 1.55 કરોડ રૂપિયાની રકમ કપાત કરવામાં આવી છે. કપાતના કારણ તરીકે બિલમાં વધુ રકમ આંકવામાં આવી હોવાનું, ટેન્ડર શરતોનું ઉલ્લંઘન થયેલ હોવાનું અને જીએસટી લાગુ ન પડતી હોવા જેવી બાબતો જણાઈ આવી છે. ઓડિટ શાખાએ તમામ બિલોની વિગતો ચકાસીને કપાતના નિર્ધારણ સાથે મંજૂરી આપી છે. કપાતના મુખ્ય કારણો પૈકી વધુ રકમ આંકવી, ટેન્ડરની શરતોના ઉલ્લંઘન સાથે કામના દસ્તાવેજોમાં તફાવત હોવો તથા અમુક બાબતમાં જીએસટી લાગુ ન પડવી મુખ્ય છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

કુલ કપાત : 30,69,755

» **ડોટ એડવર્ટાઈઝર :** બિલ નં. I-372 (તા. 1/7/2024) **કુલ રકમ: 20,51,750**
કપાતનું કારણ: બિલમાં અમુક આઇટમ ઇજારા સંબંધિત ન હોવાથી **2,42,441** કપાત
મંજૂર રકમ: **18,09,309**

» **બ્રેઇલ પ્રાઈવેટ લિમિટેડ :** બિલ નં. I-2377 (તા. 31/3/2025) કુલ રકમ : **45,35,659**
કપાતનું કારણ: વધુ રકમ આકારવામાં આવી હતી અને જીએસટી બાબતે ચૂક હોવાથી **28,27,314** કપાત કરી
મંજૂર રકમ: **17,08,345**

વ્હીકલપુલ શાખા

કુલ કપાત : 1,24,40,337

» **ક્લીનટેક ઈન્ફ્રા પ્રાઈવેટ લિ.** - બિલ નં. C-318 (તા. 26/6/2024) કુલ રકમ: **42,77,736**
કપાતનું કારણ: પરિપત્ર ક્રમાંક 16/17-18 તથા 31/17-18 મુજબ આ કેસમાં જીએસટી મળવાપાત્ર ન હતું, જેથી **7,08,094** ની કપાત કરી
મંજૂર રકમ: **35,69,642**

» **મેટ્રો વેસ્ટ હેન્ડલિંગ પ્રાઈવેટ લિ.** - બિલ નં. C-1529 (તા. 7/3/2025) - સપ્ટેમ્બર 2024
કુલ રકમ: **53,13,168**
કપાતનું કારણ: ટેન્ડર શરત મુજબ જીપીએસ રિપોર્ટ કરતાં વધુ સમય અને ડીઝલના દરભેદની ગણતરીથી **9,32,890** કપાત કરાઈ છે.
મંજૂર રકમ: **43,80,278**

» **મેટ્રો વેસ્ટ હેન્ડલિંગ પ્રાઈવેટ લિ.** - બિલ નં. C-1530 (તા. 7/3/2025) - ઓક્ટોબર 2024
કુલ રકમ: **48,79,440**
કપાતનું કારણ: ટેન્ડર શરત મુજબ જીપીએસ રિપોર્ટ કરતાં વધુ સમય અને ડીઝલના દરભેદની ગણતરીથી **6,99,353** કપાત કરાઈ છે.
મંજૂર રકમ: **41,80,087**

કુલ કપાતનો આંકડો 1,55,10,092

GST નંબર અને ટેક્ષ રિટર્ન બાબતે પણ તકેદારીની સુચના

ઇજારદાર દ્વારા કરવામાં આવતા કામોના બિલોમાં GST સંબંધિત વાંધાઓ પણ નોંધાયા છે. ઈજારદારોના GST નંબર વેલિડ છે કે કેમ?, તેઓ નિયમિત ટેક્ષ રિટર્ન ફાઈલ કરે છે કે નહીં તે બાબત મહાનગરપાલિકા માટે મહત્ત્વપૂર્ણ છે. જો ખોટો GST નંબર અપાયો હોય કે રદ્દ થયેલો હોય તો તેની વિગતો કોર્પોરેશનના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસેથી મેળવી કાયદેસર પગલાં લેવા ચીફ એકાઉન્ટન્ટને પત્ર મોકલાયો છે (ઓડિટ પત્રક નં. 1533/તારીખ 27-1-2025).

D.I./C.I. પાઈપના બિલમાં ઓરિજનલ નકલો નહીં હોય તેવામાં વાંધો

સેન્ટ્રલ સ્ટોરમાંથી ઈજારદારોને આપવામાં આવતા D.I./C.I. પાઈપના બિલ ઓરિજનલ જોડવાને બદલે ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવે છે. જે યોગ્ય નથી. હવેથી બિલની ઓરિજનલ ડુપ્લીકેટ નકલ જ સેવ કરાવવા સૂચના આપવામાં આવી છે (ઓડિટ પત્રક નં. 930/તા.4-10-2024).

વાર્ષિક ઇજારાના અંદાજમાં ભાવ વિસંગતતા

પાણી પુરવઠા વિભાગના વાર્ષિક ઇજારા કામોની સ્ક્રુટિની દરમ્યાન RA / AR ના ભાવો અને ફાઈલમાં દર્શાવેલા અંદાજમાં તફાવત જોવા મળ્યો છે. ખાસ કરીને વોર્ડ નં.07 ઉત્તર ઝોન માટે મંજુર કરવામાં આવેલ "MDPE વોટર કનેક્શન"ના કામોમાં ભાવો પહેલા જ GST સહીતના હતા છતાં પણ બિલ રજૂ કરતી વખતે ફરીથી 18% GST અલગથી ઉમેરાયો છે. જેના કારણે ખર્ચ વધવાની શક્યતા છે. આવી સ્થિતિ ભવિષ્યમાં ન સર્જાય તે માટે ઓડિટ શાખાએ ખાસ સૂચના આપી છે (ઓડિટ પત્રક નં. 326/તા.4-6-2024).

87 કરોડનો હિસાબ વ્હીકલ, રોડ, પાણી અને હાઉસિંગ વિભાગે આપ્યા નહીં

વડોદરા મહાનગરપાલિકાના ચાર મોટા વિભાગોએ રૂપિયા 87.21 કરોડના તસલમાત ખર્ચના હિસાબ હજુ સુધી જાહેર કર્યા નથી, જો કે તેમને આ હિસાબો 31 માર્ચ 2025 સુધીમાં ઓડિટ શાખા સમક્ષ રજૂ કરવાના હતા. વડોદરા મહાનગરપાલિકાના ઓડિટ રિપોર્ટમાં આ બાબત અંગે નોંધ કરવામાં આવી છે. વર્ષ 2024-25 દરમિયાન મહાનગરપાલિકા દ્વારા કુલ રૂ.116.55 કરોડની તસલમાત રકમ જુદા-જુદા વિભાગોને કામ માટે આપવામાં આવી હતી. જોકે, તેના સામે કેટલા રૂપિયા ખર્ચ થયા, કેટલા બાકી છે તેની વિગતોના હિસાબ જણાવવાના હોય છે. પરંતુ કુલ રૂ. 116.55 પૈકી આ ચાર વિભાગોના જ 87.21 કરોડના હિસાબો રજૂ નથી થયાં.

આ મુખ્ય ચાર વિભાગોએ પોતાની રકમોના હિસાબો હજુ સુધી જાહેર કર્યા નથી

વ્હીકલ પુલ વિભાગ **12,74,37,798**	રોડ વિભાગ **12,94,27,917**
ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ અને વોટર સપ્લાય વિભાગ: **7,07,39,673**	
એફોર્ડેબલ હાઉસિંગ વિભાગ **54,45,18,964**	

ગંભીરા બ્રિજ દુર્ઘટના પર શોક ઠરાવ વચ્ચે વિપક્ષનો હોબાળો

મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં વિપક્ષનો કાળા કપડાં પહેરી વિરોધ

તણાવભર્યા વાતાવરણમાં શોક ઠરાવ વાંચીને સભા મુલતવી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભા આજે મળેલી હતી, જેમાં ગંભીરા બ્રિજ તૂટવાથી મોતને ભેટેલા લોકો માટે શોક ઠરાવ પાસ કરવામાં આવ્યો અને ત્યારબાદ સભા મુલતવી રાખવામાં આવી. જોકે, વિપક્ષ કોંગ્રેસના સભ્યો કાળા કપડા પહેરીને સભામાં હાજર રહ્યા હતા અને સત્તાધારી પક્ષ સામે અનેક મુદ્દે ભારે વિરોધ કર્યો હતો. વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે શોક ઠરાવ વાંચાયા પહેલા જ રજુઆત કરી હતી કે કોર્પોરેશન દ્વારા ખોદવામાં આવેલ ખાડામાં રીક્ષા પલટી જતા રીક્ષા ચાલક અનિલભાઈ વસાવાનું મોત થયેલું છે, જેને પણ શ્રદ્ધાંજલિ આપવી જોઈએ. વિપક્ષના સભ્યો પોતાની બેઠકો પર બેઠા જ નહોતા અને અધ્યક્ષ સામે રજૂઆત કરતા રહ્યા હતા. તણાવભર્યા વાતાવરણમાં શોક ઠરાવ વાંચીને સભા મુલતવી રાખવામાં આવી હતી, જે હવે આજે ફરી મળશે.

શોક ઠરાવ વંચાયા પહેલા જ કોંગ્રેસના કાઉન્સિલરોએ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસે વિરોધ કરતા સત્તા પક્ષના કાઉન્સિલરો પણ ફ્લોર પર આવી ગયા હતા. થોડી ક્ષણો માટે મામલો ગરમાઈ ગયો હતો. જોકે, આ તમામની વચ્ચે શોક ઠરાવ વંચાઈ ગયો અને સભા આજ માટે મુલતવી કરાઈ છે. આજ મળનારી સભા પણ તોફાની બને તેવી પૂરેપૂરી શક્યતા રહેલી છે.

સામાન્ય સભા બાદ વિપક્ષે ભ્રષ્ટાચાર અને બેદરકારીના મુદ્દે સત્તાધારીઓને ઘેર્યા

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભા મુલતવી થતાં બાદ કોંગ્રેસના કાઉન્સિલરોએ સત્તાધારી પક્ષ પર અનેક આક્ષેપ કર્યા. તેમણે અનિલ વસાવાનું ખાડામાં રિક્ષા પલટી જતા થયેલું મોત, 2019માં પૂર દરમિયાન મુકેશ પરમારના મોત બાદ સહાય ન મળવી, સ્મશાનમાં રૂપિયા 7500 ખર્ચ લેવાતા હોવા, માર્ગ અને ડ્રેનેજની ખરાબ હાલત, ખાનગી કોન્ટ્રાક્ટરોને કામ આપીને ભ્રષ્ટાચારનો દરવાજા ખોલવો અને ગંભીરા પુલ તથા હરણી બોટ દુર્ઘટનાઓમાં જવાબદારી ન નક્કી થવા મુદ્દે સરકારની નિષ્કાળજી સામે સવાલો કર્યા. વિપક્ષે માંગ કરી કે તમામ મુદ્દાઓ પર ગંભીર તપાસ કરીને જવાબદારો સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે.

હત્યાના પ્રયાસ ગુનામાં ત્રણની ધરપકડ, એક દિવસના રિમાન્ડ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

આજવા રોડ ચાચા નહેરુનગરમાં રહેતા વિજયભાઈ કાંતિભાઈ રોહિતે નોંધાવેલી ફરિયાદ મુજબ 15 જુલાઈની રાત્રીના 3 વાગે આજવા ચોકડી પાસે શૈલેષ ભરવાડા, નિલેષ ભરવાડ, ઓમ રાજપૂત, સન્ની રાજપૂત અને શૈલેષના અન્ય પાંચ મિત્રો રાત્રી બજારની સામે માધવ સ્ટીલ પાસે આવ્યાં હતા, યુવક અને તેનો મિત્ર દિપક ચાવડા ઓમ તથા સન્ની રાજપૂત સાથે થયેલા ઝઘડાનું સમાધાનની વાત કરવા માટે ગયા હતા. ત્યારે શૈલેષ ભરવાડ તથા તેના 5 સાગરીતો ભેગા મળીને બંને સાથે ઝઘડો કર્યો હતો અને લાકડી તથા ધોકા વડે તેના પર હુમલો કર્યો હતો. દિપત ચાવડાની બ્રેઝા કારના કાચ પણ તોડી નાખ્યાં હતા. જેથી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. જેથી બાપોદ પોલીસ દ્વારા ગુનો નોંધીને શૈલેષ ભરવાડ, નિલેષ ભરવાડ, ઓમ રાજપૂત તથા સન્ની રાજપૂત અન્ય પાંચ લોકો વિરુદ્ધ હત્યાનો પ્રયાસ ગુનો નોંધ્યો હતો. જેમાં નિલેશ ભરવાડ, ઓમ અને સન્ની રાજપુતની ધરપકડ કરી હતી.

મનપસંદ જગ્યાએ બદલી માટે અધિકારીઓની જાણબૂઝીને નિષ્ફળતાની કથિત રમત

પાણી પુરવઠા વિભાગમાં 45 ઈજનેરો હોવા છતાં નળથી પાણી વિતરણમાં પાલિકા ફેલ

શહેરમાં ટેન્કરથી પાણી વિતરણ ઘટવાને બદલે ત્રણ વર્ષમાં વધ્યું, ટેન્કર વ્યવસ્થા બની કમાણીનું સાધન

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગર પાલિકાનો પાણી પુરવઠા વિભાગ શહેરના નાગરિકોને નળ દ્વારા શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવા માટે જવાબદાર છે. છતાં શહેરમાં આજે પણ અનેક વિસ્તારોમાં નળથી નહીં પરંતુ ટેન્કર મારફતે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, ટેન્કરોથી પાણી વિતરણ કરવાની સંખ્યા ઘટવાની બદલે દિવસે દિવસે વધી રહી છે. વધુમાં પાણી પુરવઠા વિભાગ પાસે છેલ્લા ત્રણ વર્ષના ટેન્કર વિતરણના આંકડા જ નથી. પાણી પુરવઠા વિભાગમાં કાર્યરત 45 જેટલા ઈજનેરો હોવા છતાં શહેરના તમામ વિસ્તારોમાં નળ દ્વારા પાણી પહોંચાડવામાં અસમર્થતા દાખવવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, પાલિકાના તમામ વિભાગો કરતા સૌથી વધુ ઈજનેરો પાણી પુરવઠા વિભાગમાં છે. તેમ છતાં શહેરમાં ટેન્કર આધારિત પાણી વિતરણમાં વર્ષે વર્ષ વધારો નોંધાયો છે. વધુમાં, ચાલુ વર્ષમાં હજુ પણ ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે અને આ આંકડાઓ પાછલા વર્ષો કરતા વધ્યા હોવાનું સામે આવ્યું છે.

વિભાગના કેટલાક અધિકારીઓ અને કર્મીઓ નળજળની વ્યવસ્થામાં વધુ ધ્યાન ન આપતા, ટેન્કર વિતરણની વ્યવસ્થા આજે પણ ઉભી રહી છે. આધારભૂત સૂત્રો દ્વારા માહિતી મળી છે કે, કેટલાક અધિકારીઓ જાણબૂઝીને આવી વ્યવસ્થા ચાલુ રાખે છે જેથી પોતે નિષ્ફળ સાબિત થાય, નોંધ લેવાય અને પછી તેમની પસંદની જગ્યાએ બદલી થઈ શકે. વિભાગની અંદર કામદારીથી વધુ ભાગીદારી-યારી જેવી પ્રવૃત્તિઓ ઉદ્દભવી રહી છે. પાણી વિતરણ જેવાં અગત્યના કામમાં આવા લાપરવા વલણને કારણે નાગરિકો છેલ્લા ઘણા વર્ષથી હેરાન થાય છે. વર્ષ 2025માં પણ નળથી પાણી નહીં મળતા નાગરિકોને ટેન્કર પર આધાર રાખવો પડે છે, પરંતુ તેનું વ્યાવસાયિક સ્વરૂપ પણ ઉભરતું જાય છે. પાણી પુરવઠાના પાણી વિતરણના અધિકારીઓ ટેન્કર વિતરણની સંપૂર્ણ વિગતો જાહેર કરતાં નથી. જ્યાં સત્તાવાર આંકડા જાળવવામાં જ બેદરકારી હોય, ત્યાં પાણી વિતરણમાં કેટલી ઘાતકી ચૂકો થઈ રહી છે તેનો અંદાજ લગાવી શકાય.

દશામાં મૂર્તિ વિસર્જન માટે ત્રણ ઝોનમાં કૃત્રિમ તળાવોમાં વ્યવસ્થા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં દશામાં માતાજીની સ્થાપના કરતી મંડળો અને ભક્તો માટે વિસર્જન દરમિયાન યોગ્ય વ્યવસ્થા રહે તે માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા તળાવો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણ મુખ્ય ઝોનમાં વિવિધ સ્થળોએ કૃત્રિમ તળાવ તથા કુંડ તૈયાર કરવામાં આવ્યા છે.

પૂર્વ ઝોનમાંઃ 1. કિશનવાડી UPHCની બાજુમાં 2. હરણી હનુમાન મંદિર સામેના કુંડમાં

પશ્ચિમ ઝોનમાંઃ 1. ગોરવા વિસ્તારમાં દશામાં તળાવ 2. ભાયલી ખાતે બનાવેલ કૃત્રિમ તળાવ 3. બીલમઢી સ્મશાન પાસે બનાવેલ તળાવ

દક્ષિણ ઝોનમાંઃ 1. તરસાલી સર્કલ, દિવાળીપુરા નજીકના મકાનો પાસે 2. મકરપુરા ગામ પાસે કૃત્રિણ તળાવો બનાવવામાં આવ્યા છે.

રહેવાસીઓએ બનાવેલા ગેરકાયદે ઓટલા, કમ્પાઉન્ડ વોલ અને ફેન્સિંગ તોડી પડાયા

વાસણા રોડ અને હરણી-વારસિયા રોડ પર ફરી દબાણો દૂર કરાયા : 3 ટ્રક ભરી સામાન જપ્ત

ટ્રાફિક વ્યવસ્થા સુધારવા તથા જાહેર જમીનનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવાનો પાલિકાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારોમાં ગેરકાયદે દબાણો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પશ્ચિમ વિસ્તારમાં સૈયદ વાસણાના જનકનગરથી ગોકુલ પાર્ટીપ્લોટ સુધીના વિસ્તારમાં રહેવાસીઓએ બનાવેલા ગેરકાયદે ઓટલા, કમ્પાઉન્ડ વોલ અને ફેન્સિંગને બુલડોઝર અને પાલિકા દબાણ શાખાની ટીમે દૂર કર્યા. કાર્યવાહી દરમ્યાન પોલીસ, વીજ કંપની, ફાયર બ્રિગેડ તથા એમ્બ્યુલન્સ સહિતનો કાફલો હાજર રહ્યો હતો. કેટલાક રહીશો વિરોધ કરવા ઉમટી પડ્યા હતા, પણ પોલીસની વ્યવસ્થા સતત રહી, જેથી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂરી કરી શકાઈ.

શહેરના પૂર્વ વિસ્તાર હરણી-વારસિયા રોડના ગધેડા માર્કેટ ચાર રસ્તા પર પણ પોલીસ અને પાલિકા ટીમે ટ્રાફિક ડ્રાઈવની સાથે હંગામી દબાણો દૂર કર્યા તથા ત્રણ ટ્રક જેટલો સામાન કબજે કર્યો. વડોદરાની પાલિકા દ્વારા દબાણ દૂર કરવાની ઝુંબેશ છેલ્લા ઘણા દિવસોથી સતત ચાલે છે, અને પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ ચારેય વિસ્તારમાંથી હંગામી અને પક્કા દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. આ પ્રકારે, શહેરમાં માર્ગોની અવરોધક દબાણો દૂર કરવાના પ્રયાસો સાથે ટ્રાફિક વ્યવસ્થા સુધારવા અને જાહેર જમીનનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવાનો પાલિકાએ પ્રયાસ કર્યો છે.

દાર્જિલિંગ સિક્કિમના પ્રવાસના બહાને ટ્રાવેલ એજન્ટે યુવક પાસેથી રૂ.1.10 લાખ પડાવ્યાં

કોઇ ટિકિટ નહી કરાવતા યુવકે એજન્ટ પાસે રૂપિયા પરત માગતા માત્ર 40 હજાર પરત કર્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વાઘોડિયા રોડ પર રહેતા યુવકે પોતાના પરિવાર સાથે દાર્જિલિંગ સિક્કીમ ખાતે ફરવા માટેનો પ્લાન બનાવ્યો હતો. પરંતુ કલકત્તાને એજન્ટે પ્રવાસે મોકલવાના બહાને રૂ.1.50 લાખ પડાવી લીધા હતા. પરંતું કોઇ પ્રવાસે મોકલ્યા ન હતા. જેથી તેની પાસે વારંવાર રૂપિયાની માગણી કરતા તેણે રૂ.40 હજાર પરત કર્યાં હતા. જ્યારે બાકીના રૂ.1.10 લાખ આજ દીન સુધી પરત નહી કરતા તેઓએ એજન્ટ વિરુદ્ધ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર વૈકુંઠ ચાર રસ્તા પાસે આવેલા રુદ્રાક્ષ એલીગન્સમાં રહેતા આકાશ રાજેશકુમાર દેસાઈ ગેંડા સર્કલ ખાતે આવેલી પેટ્રોલ એક્શન નામની કંપનીમાં નોકરી કરે છે.

તેઓએ પરિવારના સભ્યો સાથે જાન્યુઆરી 2024માં દાર્જીલિંગ સિક્કિમ ફરવા જવાનો પ્લાન નક્કી કર્યો હતો. જેથી તેઓએ તેની જાણ મિત્ર ચિંતન પટેલને જાણ કરી હતી. ત્યારે ચિતેન પટેલના જીજીજાએ પશ્ચિમ બંગાળ કલકાતા ખાતે સેન બિસ્ટ્રો એન્ડ ટ્રાવેલ્સ એજન્સી ચલાવે છે તેનો સંપર્ક કર્યો હતો. ત્યારે તેઓએ 10 દિવસના 6 માણસોને લેખી રૂ.1.50 લાખ થશે તેમ કહ્યું હતું. જેથી રાજેશભાઇ પ્રવાસમાં જવાની હા પાડી હતી. ત્યારે એજન્ટે હોટલ બુકીંગ અને ફ્લાઇટની ટિકિટ બુક કરાવી હોવાનું જણાવી તેમની પાસેથી રૂ. 1.50 લાખ ટુકડે ટુકડે ટ્રાન્સફર કરાવડાવ્યાં હતા. પુરેપુરા રૂપિયા ચુકવી દીધા હોય તેઓએ એજન્ટ ફ્લાઇટની કન્ફર્મ ટિકિટી ની માગણી કરી હતી. પરંતુ એજન્ટ ટિકિટ આપવા માટે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. ત્યારબાદ ફરી ટિકિટ માંગતા એજન્ટે તમે બેગ પેક કરી રાખો તમારા નંબર ટિકિટ આવી જશે તેમ કહ્યું હતું પરંતુ કોઇ ટિકિટ આવી ન હતી. જેથી તેની પાસે રૂપિયા પરત આપવા કહેતા એજન્ટ ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. બુકિંગ કેન્સલ કરાવ્યાં બાદ તેઓએ માત્રે દોઢ લાખમાંથી રૂ. 40 હજાર જ પરત કર્યાં હતા. જ્યારે બાકીના રૂ. 1.10 લાખ આજ દીન સુધી પરત ચૂકવ્યા નથી. જેથી યુવકે રાજર્ષી સેન શર્મા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

રિક્ષા ચાલકના ગળામાંથી ચેનની લૂંટ કરનાર ટ્રાફિકના એએસઆઈ સસ્પેન્ડ

ASI અને રિપોર્ટરના રિમાન્ડ પુરા થતા બંને જ્યુ.કસ્ટડીમાં મોકલાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.17

નેશનલ હાઈવે પર ટ્રાફિક પોલીસના એએસઆઈ તથા ખાનગી ચેનલના રિપોર્ટ દ્વારા રિક્ષા ચાલકો સાથે ઝઘડો કરી સોનાની ચેનની લૂંટ ચલાવાઈ હતી. જેથી હરણી પોલીસે બંને ધરપકડી એક દિવસના રિમાન્ડ મેળવ્યાં હતા. જ્યારે રિમાન્ડ પુરા થતા બંને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. જ્યારે ટ્રાફિક પોલીસ વિભાગમાંથી એએસઆઈને સસ્પેન્ડ કરાયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

ગત 14 જુલાઈના રોજ રાત્રીના નેશનલ હાઈવે નં.48 ઉપર દેણા ચોકડીથી ગોલ્ડન ચોકડી તરફ આવતા દેણા ચોકડી બ્રિજ ઉતરતા ઈન્ડિયન પેટ્રોલ પંપ નજીક હાઈવેની બાજુમાં આવેલા એક ગલ્લા પાસે રીક્ષા ઉભી રાખી પડીકી લેવા ગયા હતા. ત્યારે રાત્રીના આશરે સાડા અગીયાર વાગે કારમાં બે શખ્સો આવ્યા હતા અને ગલ્લાવાળા મહિલા પાસે પૈસાની માંગણી કરી વિડિયો બનાવવા લાગ્યાં હતા. ત્યારે રીક્ષા ચાલક દિપક વાળંદે તેને વિડિયો બનાવવાની ના પાડતા બે શખ્સો પૈકી એક મિડિયામાં હોવાનો દમ મારીને તારાથી થાય તે કરી લેજે તેવી ધમકી આપી હતી. રીક્ષા ચાલક સાથે બંનેએ માર માર્યો હતો ત્યારબાદ તેમના ગળામાંથી સોનાની ચેનની લૂંટ કરી હતી. જેથી રિક્ષા ચાલકે હરણી પોલીસ સ્ટેશનમાં કુલદિપસિંહ દિપસિંહ સોલંકી તથા ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા એએસઆઈ વિજયસિંહ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા બંને આરોપીને ધરપકડ કરીને એક દિવસના રિમાન્ડ મેળવ્યાં હતા. ત્યારે આજે બંને રિમાન્ડ પુરા થતા તેમને પોલીસે ફરી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતા ત્યારે કોર્ટ દ્વારા તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી અપાયા છે.

બિલ્ડરે 300-400 લોકો પાસેથી બુકિંગ અમાઉન્ટ લઈ મકાન ન આપ્યાનો આક્ષેપ

વડોદરાના એરફોર્સ કર્મી દ્વારા NRS પ્રોજેક્ટ વિરુદ્ધ રેરામાં ફરિયાદ

NRS પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડને 14 ઓગસ્ટ, 2025ના રોજ સુનાવણીમાં હાજર રહેવા રેરાએ નોટિસ ફટકારી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં રહેતા એરફોર્સ કર્મી દેવ નંદન ગૌતમે NRS પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ અને પરાગ પંચાલ વિરુદ્ધ રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા)માં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે બિલ્ડરે વર્ષ 2014માં 'યુનિટી પ્રોજેક્ટ'ના નામે એક હોમ પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો, જેમાં ચારથી પાંચ ટાવર બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ અંદાજે 300 થી 400 લોકો પાસેથી બુકિંગની રકમ લેવામાં આવી હતી. દેવ નંદન ગૌતમે જણાવ્યું હતું કે તેમણે વર્ષ 2014માં 7.7 લાખ રૂપિયાની રકમ અદા કરીને 1BHK મકાન બુક કરાવ્યું હતું. પ્રોજેક્ટનું શરૂઆતમાં નામ 'સિટી પલ્સ' હતું, જે બાદમાં બદલાઈને 'ડવ ડેક 2' રાખવામાં આવ્યું. જોકે, હવે લગભગ 10 વર્ષ પછી પણ કોઈ બિલ